## પેજ 3

### જ્યોતિર્મયી નાયક બની 'ઇન્ડિયન આઇડલ 16' વિનર



મુંબઈ, તા. 27 : સિંગિંગની દુનિયાના સૌથી પ્રખ્યાત રિયાલિટી શો 'ઇન્ડિયન આઇડલ 16'ને વિનર મળી ચૂક્યા છે. મહિનાથી વધુ સમય સુધી ચાલેલા આ શોમાં એકથી એક સુરીલા પરફોર્મન્સ જોવા મળ્યા અને હવે આ ગ્રાન્ડ ફિનાલેમાં પોતાના વિનરને શોધી લીધો છે. ઓડિશાની રહેવાસી જ્યોતિર્મયી નાયકે ઇન્ડિયન આઇડલ 16ની ટ્રોફી જીતી છે. જ્યોતિર્મયી નાયકે જબલપુરના તનિષ્ક શુક્લાને પાછળ છોડીને શો જીત્યો છે. જ્યોતિર્મયી નાયકને ટ્રોફીની સાથે 20 લાખ રૂપિયાની પ્રાઇઝ મની પણ મળી છે. વિનર બન્યા પછી તેમની આંખોમાંથી આંસુ છલકાઈ પડ્યાં હતાં. જ્યોતિર્મયી નાયકની જીતથી તેમના પરિવારની સાથે સાથે ફેન્સમાં પણ ખૂબ જશ્નનો માહોલ છે.

### કાલા હિરન કેસમાં સલમાન ખાનને કોર્ટ તરફથી રાહત, પ્રોડ્યુસરને ટીઝર હટાવવા આદેશ




નવી દિલ્હી, તા. 27 : બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને દિલ્હી હાઈકોર્ટમાં મોટી જીત મળી છે. અદાલતે સોમવારે ફિલ્મ 'કાલા હિરન: ધ બેટલ ફોર લેગેસી'ના ટીઝરને સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટના તમામ પ્લેટફોર્મ પરથી હટાવવાના નિર્દેશ આપ્યા છે. એટલું જ નહીં, અદાલતે ફિલ્મ પ્રોડ્યુસર અમિત જાનીને પણ કડક ફટકાર લગાવી છે. જસ્ટિસ જ્યોતિ સિંહની અદાલતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આરોપી દરરોજ પોતાની હદો પાર કરી રહ્યો છે અને પોતાને કાયદાથી ઉપર સમજી રહ્યો છે. અદાલતે આ સાથે જ આદેશ આપ્યા કે, 24 કલાકની અંદર એક્સ, ઇન્સ્ટાગ્રામ અને યુટ્યુબ જેવા તમામ પ્લેટફોર્મ પરથી ટીઝરની લિંક હટાવવામાં આવે.

### પંકજ ત્રિપાઠીને આઈએફએફએમ 2026માં મળશે 'આર્ટિસ્ટ ઓફ ડિસ્ટિંક્શન' સન્માન



મુંબઈ, તા. 27 : ભારતીય સિનેમાના સૌથી બહુમુખી અને લોકપ્રિય અભિનેતાઓમાંના એક પંકજ ત્રિપાઠીને ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન (આઈએફએફએમ) 2026માં પ્રતિષ્ઠિત 'આર્ટિસ્ટ ઓફ ડિસ્ટિંક્શન' સન્માનથી નવાજવામાં આવશે. આ સન્માન ભારતીય સિનેમામાં તેમના અસાધારણ યોગદાન અને એક ઉત્કૃષ્ટ કલાકાર તરીકેની તેમની પ્રેરણાદાયી સફરને સમર્પિત છે. ખાસ વાત એ છે કે, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા પંકજ ત્રિપાઠી પહેલીવાર આ ફેસ્ટિવલમાં હાજરી આપશે અને ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે જાતે આ સન્માન સ્વીકારશે. આ સન્માન પંકજ ત્રિપાઠીની શાનદાર કારકિર્દીનો વધુ એક મહત્ત્વપૂર્ણ પડાવ છે. ફિલ્મો અને ઓટીટી પ્લેટફોર્મ્સ પર તેમણે પોતાના દમદાર અભિનયથી દર્શકો અને સમીક્ષકોનાં દિલ જીત્યાં છે.

### વિદ્યાર્થી આંદોલનની અશ્લીલતાના કારણે કંગનાએ સોશિયલ મીડિયા છોડ્યું



મુંબઈ, તા. 27: દિલ્હીના જંતર-મંતર પર હાલમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં જેન ઝીનો ગુસ્સો સ્પષ્ટપણે જોવા મળ્યો. નીટ-યુજી -2026 પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાના મુદ્દે નારાજ દેશના અલગ-અલગ ખૂણાઓમાંથી વિદ્યાર્થીઓનું ટોળું ઊમટી પડ્યું હતું અને આ દરમિયાન કેટલાક એવા વીડિયો પણ સામે આવ્યા જેમાં જેન ઝી અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા જોવા મળ્યા. અભિનેત્રી અને સાંસદ કંગનાએ આવા જ વીડિયો પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આ બધું જોઈને તે ખૂબ જ દુઃખી થઈ છે. કંગનાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તાજેતરના વિરોધ પ્રદર્શનની રીલ્સમાં ઉપયોગમાં લેવાયેલી ભાષા અને જે કંઈ પણ દેખાયું તેની ટીકા કરી છે.





# થાઈલેન્ડમાં ઇટાલિયન વિદ્યાર્થીઓનો ટ્રેનમાં હંગામો, એમ્બેસીએ માફી માગવી પડી

**શોરબકોર** ન કરવાનું કહેતાં વિદ્યાર્થીઓએ થાઈ મહિલાની મજાક ઉડાવી અને અયોગ્ય વર્તન કર્યું

**વિવાદ** વધતાં ઇટાલી એમ્બેસીએ વીડિયો જાહેર કરી નમ્રતાપૂર્વક માફી માગી

નવી દિલ્હી, તા. 27: થાઈલેન્ડના પ્રવાસે ગયેલા ઈટાલીના શાળાના વિદ્યાર્થીઓના એક જૂથે ટ્રેનમાં કરેલા ગેરવર્તણૂક બદલ ઈટાલી એમ્બેસીએ સમગ્ર દેશ વતી જાહેર માફી માગવી પડી છે. બેંગકોકની બીટીએસ સ્કાયટ્રેનમાં મુસાફરી કરી રહેલી એક થાઈ મહિલાએ આ વિદ્યાર્થીઓને અવાજ ઓછો કરવા વિનંતી કરી ત્યારે આ જૂથે તેની મજાક ઉડાવી હતી, ગાળો આપી હતી અને અયોગ્ય ઈશારા કર્યા હતા.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર 1.6 કરોડથી વધુ વખત જોવાયો હતો, જેના કારણે ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યો હતો. વીડિયોમાં એમ પણ જોવા મળ્યું હતું કે, એક શિક્ષકે કટાક્ષ કરતા મહિલાને કહ્યું, 'તમારા દેશમાં પૈસા લાવવા બદલ માફી ચાહું છું.' આ વીડિયો સામે સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળ્યો હતો અને આકરી ટીકા કરી હતી, એક યુઝરે લખ્યું, 'તમે પૈસા લાવો છો તેની સામે કોઈને વાંધો નથી, પણ સાથે થોડા સંસ્કાર પણ લાવો.'

વધતા વિવાદને પગલે બેંગકોક સ્થિત ઈટાલીની એમ્બેસીએ એક વીડિયો જાહેર કર્યો હતો, જેમાં જૂથના નેતાઓ, શિક્ષકો અને એક વિદ્યાર્થીએ થાઈલેન્ડની જનતા અને સંસ્કૃતિની નમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરી હતી. જવાબદારોએ સ્વીકાર્યું કે પૈસાથી માન-સન્માન ખરીદી શકાતું નથી અને આ વિદ્યાર્થીઓને તાત્કાલિક ઈટાલી પરત મોકલવામાં આવી રહ્યા છે.

## ભાજપે સંસદમાં ધર્મેન્દ્ર પ્રધાનનું સ્વાગત કર્યું, વિપક્ષના 'પેપર ચોર'ના નારા


**ભાજપના** નેતાઓએ સ્વાગત કરતાં વિપક્ષી સાંસદોનો ભારે હંગામો; કોંગ્રેસે સરકારના વલણ સામે આકરા પ્રહારો કર્યા

**શિક્ષણ** સુધારા માટે રચાયેલી નવી ટાસ્ક ફોર્સ સામે વિપક્ષના સવાલો

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): સંસદ ભવન સંકુલમાં NEET પેપર લીક વિવાદને કારણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપનાર ધર્મેન્દ્ર પ્રધાનનું ભાજપના નેતાઓ દ્વારા પરંપરાગત ટોપી અને શાલ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન 'પ્રધાન ઝિંદાબાદ'ના નારા લગાવવામાં આવ્યા હતા, જ્યારે સામે પક્ષે વિરોધ પક્ષના સાંસદોએ 'ચોર ચોર, પેપર ચોર'ના સૂત્રોચ્ચાર કરીને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ નેતા પવન ખેડા અને રેણુકા ચૌધરીએ પ્રધાનના સ્વાગતની આકરી ટીકા કરતા ભાજપના વલણ પર સવાલો ઉઠાવ્યા હતા. લોકસભામાં કોંગ્રેસના ઉપનેતા ગૌરવ ગોગોઈએ સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે વર્તમાન સરકારે શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવા માટે લાવેલું નવું બિલ માત્ર દેખાડા પૂરતું છે અને સરકાર શિક્ષણ પ્રણાલી સુધારવા માટે બિલકુલ ગંભીર નથી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નંદન નીલેકણીની અધ્યક્ષતામાં રચાયેલી નવી ઉચ્ચ-સ્તરીય ટાસ્ક ફોર્સ પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને અગાઉ રચાયેલી કે રાધાકૃષ્ણન સમિતિનું પરિણામ શું આવ્યું તેની યાદ અપાવી હતી. ગોગોઈએ 20 જુલાઈના રોજ વિદ્યાર્થીઓના પ્રદર્શન પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં નિવેદન આપે તેવી માગણીનો પુનરોચ્ચાર પણ કર્યો હતો.

દરમિયાન, સરકારે સોમવારે લોકસભામાં પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરતું નવું બિલ રજૂ કર્યું હતું, જેમાં પેપર લીક કેસમાં કડક સજા તરીકે 10 વર્ષ સુધીની જેલ અને 50 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. CJP દ્વારા 20 જુલાઈના રોજ યોજાયેલા વિરોધ પ્રદર્શન અને પોલીસ લાઠીચાર્જ બાદ સરકારે આ પગલું ભર્યું છે. જ્યારે ધર્મેન્દ્ર પ્રધાનને પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે તેમણે આ મામલે મીડિયા સમક્ષ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.




## સીએટલ ફેસ્ટિવલમાં અંધાધૂંધ ગોળીબાર: ત્રણના મોત

**એક** બાળક સહિત 4 ઈજાગ્રસ્ત; એક હુમલાખોર ઝડપાયો ફરાર બીજા આરોપીને પકડવા સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન

સિએટલ, તા. 27 (પીટીઆઈ): સીએટલના પ્રખ્યાત 'સ્પેસ નીડલ' નજીક આયોજિત એક ભીડભાડ વાળા વાર્ષિક ફૂડ ફેસ્ટિવલમાં રવિવારે સાંજે અચાનક અંધાધૂંધ ગોળીબાર થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. 'બાઇટ ઓફ સીએટલ' નામના ત્રણ દિવસીય મહોત્સવના અંતિમ દિવસે સાંજે લગભગ 6 વાગ્યે આ ઘટના બની હતી.


બે બંદૂકધારીઓ વચ્ચે સામસામે થયેલા ફાયરિંગમાં ઘટનાસ્થળે અને હોસ્પિટલમાં મળીને કુલ 3 લોકોના મોત નીપજ્યાં હતાં, જ્યારે એક 2 વર્ષના બાળક સહિત 4 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મૃતકોમાં 19 વર્ષનો એક કિશોર અને 44 વર્ષનો એક પુરુષ તથા 56 વર્ષની એક મહિલાનો સમાવેશ થાય છે.

ગોળીબારના અવાજ અને નાસભાગ વચ્ચે લોકો પોતાના બચાવ માટે મ્યુઝિયમ અને નજીકની ઈમારતોમાં છુપાયા હતા, જ્યારે વેપારીઓ પણ પોતાના સ્ટોલ છોડીને ભાગી છૂટ્યા હતા.

આ હિંસક બનાવ બાદ ઘટનાસ્થળે તૈનાત અને તાત્કાલિક પહોંચેલી પોલીસ ટુકડીઓએ કાર્યવાહી હાથ ધરી હતી. એક શંકાસ્પદ હુમલાખોરે સ્થળ પર જ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દેતાં તેની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બીજો શંકાસ્પદ આરોપી ભાગી જવામાં સફળ રહ્યો હતો. સીએટલ પોલીસના આસિસ્ટન્ટ ચીફ ટાયરોન ડેવિસે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે એક આરોપીની ધરપકડ કરી લેવાઈ છે અને ફરાર આરોપીની શોધખોળ ચાલુ છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હવે જનતા માટે કોઈ ચિંતા કે ખતરો નથી. પોલીસે સમગ્ર વિસ્તાર ખાલી કરાવીને કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

## પ્રેઝેન્ટેશન દરમિયાન રોબોટ સ્ટેજ પર ઢળી પડ્યો

**બાદમાં** રોબોટને કોઈ મૃતદેહની જેમ કાપડથી ઢાંકીને સ્ટેજ બહાર લઈ જવાયો હતો




નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના સેન ડિએગોમાં એક પ્રેઝેન્ટેશન દરમિયાન એક રોબોટ અચાનક જમીન પર પછડાઈ જતાં રમુજી દ્રશ્યો સર્જાયા હતા, જેને બાદમાં કોઈ મૃતદેહની જેમ કાપડથી ઢાંકીને સ્ટેજ બહાર લઈ જવાયો હતો. સેન ડિએગોની જ સ્માર્ટફોન પ્રોસેસર બનાવતી જાણીતી કંપની ક્વોલકોમ કંપની દ્વારા બનાવેલો આ રોબોટ સ્ટેજ પર પ્રેઝન્ટરને એક ડિવાઈસ આપવા માટે લાવવામાં આવ્યો હતો. પરંતુ પ્રેઝન્ટેશન પૂરું થાય તે પહેલાં જ રોબોટના ઘૂંટણ વળી ગયા, હાથમાં રહેલી ટ્રે પડી ગઈ અને તે જમીન પર ઢળી પડ્યો હતો.

આ ઘટના બનતાં જ દર્શકોમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. જમીન પર પડ્યા બાદ રોબોટે હાથ વીંઝ્યા હતા અને ત્યારબાદ સફાઈ કર્મચારીઓએ તાત્કાલિક આવીને તેને કપડાંથી ઢાંકી દીધો હતો. ચાર લોકો તેને માંડ માંડ ઊંચકીને સ્ટેજ બહાર લઈ ગયા હતા. આ અગાઉ બીજિંગમાં યોજાયેલી હ્યુમનોઇડ મિની મેરેથોનના ટ્રેનિંગ સેશન દરમિયાન પણ એક રોબોટ થોડાં પગલાં ચાલ્યા બાદ જમીન પર પછડાઈને ટુકડા-ટુકડા થઈ ગયો હતો.

આ પ્રકાર નિષ્ફળતાઓની સામે એક રોબોટે એ જ મેરેથોનમાં 21 કિલોમીટરનું અંતર માત્ર 50 મિનિટ અને 26 સેકન્ડમાં પૂરું કરીને નવો રેકોર્ડ બનાવ્યો હતો.

## વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી સામે સંસદ પરિસરમાં વિપક્ષનો વિરોધ

**વિરોધ** પક્ષોએ ગૃહમંત્રી અમિત શાહના માફીનામાની માંગ કરી




નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ) વિપક્ષી સાંસદો, જેમાં કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સામેલ છે, તેમણે નીટ પેપર લીક મુદ્દે આંદોલન દરમિયાન વિદ્યાર્થી આંદોલનકારીઓ પર કથિત 'પોલીસ દમન' અંગે સોમવારે સંસદ ભવન પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ગૃહમંત્રી અમિત શાહના માફીનામાની માંગ કરી હતી.

હાથમાં પ્લેકાર્ડ્સ અને મોટા બેનર લઈને કેટલાક સાંસદોએ સંસદના મકર દ્વારનાં પગથિયાં સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે કથિત રીતે વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ અત્યાચાર અંગે ગૃહમંત્રી પાસે જવાબ માંગીને નારાબાજી કરી હતી.

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉપરાંત સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, ટીએમસીના મહુઆ મોઈત્રા અને જેએમએમના મહુઆ માજી સહિત અન્ય નેતાઓએ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

પાછળથી ડીએમકે સાંસદોએ મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) પર પ્રતિબંધની માંગ સાથે અલગથી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

કોંગ્રેસની આગેવાની હેઠળનો વિપક્ષ વિદ્યાર્થીઓ પર થયેલા હુમલા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા અમિત શાહ પાસે માફીનામાની માંગ કરીને આ મુદ્દે સંસદમાં સરકાર પર દબાણ બનાવી રાખવા માટે તૈયાર છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમિત શાહને પત્ર લખીને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા બર્બર હુમલા માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે અને મંત્રીને પૂછ્યું છે કે શું તેમણે પેલેટ ગન સહિતના ઘાતક બળના ઉપયોગને મંજૂરી આપી હતી. પોતાના પત્રમાં, ગાંધીએ કહ્યું કે, શાંતિપૂર્ણ વિરોધ એ કોઈપણ લોકશાહી માટે મહત્ત્વપૂર્ણ છે અને આંદોલનકારીઓનું રક્ષણ કરવું તથા સંવાદ દ્વારા તેમની ફરિયાદોનો ઉકેલ લાવવો એ સરકારની જવાબદારી છે.

**આઇબી અધિકારી અંકિત શર્મા હત્યા કેસમાં 31 જુલાઇએ સજાનો નિર્ણય**

## તાહિર હુસૈન સહિત પાંચને ફાંસીની સજા આપવા દિલ્હી પોલીસની માગ

**નિર્દયતાથી** હત્યા કરી, કોઈ દયા ન દાખવી: પોલીસ

**બચાવ** પક્ષે સુધારાની તક આપવાની અપીલ કરી

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): વર્ષ 2020ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના અધિકારી અંકિત શર્માની હત્યા કેસમાં દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ દોષિતોને ફાંસીની સજા ફટકારવાની અપીલ કરી છે.

એડિશનલ સેશન જજ પ્રવીણ સિંહ સમક્ષ દલીલ કરતાં સરકારી વકીલે આ હત્યાને 'ઠંડા કલેજે કરાયેલી નિર્દય હત્યા' ગણાવી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સજાનો નિર્ણય 31 જુલાઈ માટે મુલતવી રાખ્યો છે.

વિશેષ સરકારી વકીલ મધુકર પાંડેએ જણાવ્યું કે અંકિત શર્માનું અપહરણ કરીને તેમના પર સતત હુમલો કરવામાં આવ્યો હતો. તેમના શરીર પર કુલ 51 ઘા હતા, જેમાંથી 18 ધારદાર હથિયારથી મારવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે દોષિતોએ કોઈ દયા દાખવી ન હતી અને મૃત્યુ બાદ પણ હુમલા ચાલુ રાખ્યા હતા. આવા જઘન્ય ગુનામાં કોઈ રાહત ન આપવી જોઈએ અને ફાંસીની સજા જ યોગ્ય છે.

બીજી તરફ, તાહિર હુસૈનના વકીલોએ દલીલ કરી કે કેસમાં તેમના અસીલની ચોક્કસ ભૂમિકા સાબિત થઈ નથી. 11 આરોપીઓમાંથી માત્ર પાંચ જ દોષિત ઠર્યા છે જ્યારે છ નિર્દોષ છૂટ્યા છે. તેમણે કહ્યું કે ફાંસીની સજા માત્ર 'અપવાદરૂપ કેસોમાં' જ આપવામાં આવે છે. હુસૈન જેલમાં સારું વર્તન ધરાવે છે, પરિવારનો એકમાત્ર કમાઉ સભ્ય છે અને તેને સુધરવાની તક આપવી જોઈએ. નોંધનીય છે કે 13 જુલાઈએ કોર્ટે તાહિર હુસૈન સહિત પાંચ આરોપીઓને અંકિત શર્માની હત્યા બદલ દોષિત જાહેર કર્યા હતા.

## બિહારમાં પ્રદર્શનકારીઓ પર એકે-47ના ઉપયોગ મામલે વિપક્ષ રોષિત

**ભાજપ** પર પ્રહાર કરતાં વિપક્ષી નેતાઓએ સવાલ કર્યો, 'શું તેઓ આતંકવાદીઓ હતા?'?



નવી દિલ્હી, તા. 27 (PTI) કોંગ્રેસે સોમવારે બિહારમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને નિશાન બનાવવા માટે એકે-47 રાઈફલોનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાના આરોપો બદલ ભાજપ પર તીખા પ્રહારો કર્યા હતા, જેમાં રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે માફીની માંગ કરી હતી અને વિદ્યાર્થીઓ પર હુમલો કરનારાઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

૨૫ જુલાઈના રોજ બિહારના સિવાન જિલ્લામાં એક વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ દ્વારા એકે-47 રાઈફલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. સિવાનના એસપી પૂરન કુમાર ઝાએ જણાવ્યું હતું કે, આ ફાયરિંગમાં કોઈ ઘાયલ થયું નથી અને તપાસ શરૂ કરવામાં આવી છે. કારણ કે, પ્રદર્શન દરમિયાન પોલીસ દળને ગોળીબાર ન કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું, "આખી સિસ્ટમ વિદ્યાર્થીઓ સામે સાવ ઘાતકી બની ગઈ છે. બિહારમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર એકે-47થી ગોળીબાર કરવામાં આવ્યો હોવાના અને સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી હોવાના તથા એફઆઈઆર નોંધવામાં આવી હોવાના અહેવાલો આવી રહ્યા છે."

રાહુલ ગાંધીએ કહ્યું, "મોદીજી, તમારા એ વચનનું શું થયું કે વિદ્યાર્થીઓ સામે કોઈ એફઆઈઆર નોંધવામાં નહીં આવે અને તેમને છોડી મુકવામાં આવશે? તેના બદલે, તેમના પર જીવલેણ હુમલાઓ અને બર્બરતા કરવામાં આવી રહી છે,"

ગાંધીએ કહ્યું, "દિલ્હીમાં વિદ્યાર્થીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અને બિહારમાં એકે-47નો. ચાહે ઉત્તર પ્રદેશ હોય, પશ્ચિમ બંગાળ હોય, બિહાર હોય કે દિલ્હી - દરેક જગ્યાએ આ જ પેટર્ન છે."